



## કાંકરેજ તાલુકાના ટોટાણા ગામે પાણી વિના પશુ અને માનવીની અવદશા

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ટોટાણા ગામે તળાવ કોરૂ ધાકોર અને પાણીનો હવાડો સૂકો ભઠ્ઠ દેખાઈ રહ્યો છે. જ્યારે હરિજન વાસમા તો છેલ્લા બે માસથી પાણી પણ આવતું ના હોવાની બૂમો ઉઠવા પામી છે. ત્યારે ગામનો સરપંચ કહે છે કે બધુંયે સારું છે કોઈ જાતની તકલીફ નથી. ત્યારે આ નઘરોળ તંત્ર દ્વારા ટોટાણા ગામની મૂલાકાત લઈ આવા ઉનાળાના ધોમ ધખતા તાપમા લોકો અને પશુને પાણીની વ્યવસ્થા કરી આપે એવી લોક લાગણી સાથે માંગણી ઉઠાવા પામી છે. જોકે આ રૂબરૂમાં લેવાયેલા ફોટાઓ ગ્રામ પંચાયતોમા ચાલતી લાલિયાવાડીની ચાડી ખાય છે. ત્યારે જોવું એ રહ્યું કે કાંકરેજ તાલુકાના રગેરગથી વાકેફ તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી લોકોને ન્યાય અપાવશે કે કેમ ? એ આવનાર સમય બતાવશે. કાંકરેજ તાલુકા પંચાયતમા ટીડીઓ તરીકે ચાર્જ લઈ હજુ સુધીના પડતર પડેલા કેટલાય પ્રશ્નો અકબંધ પડ્યા છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારીએ આ બાબતે ગ્રામ પંચાયતોની લાલિયાવાડી સામે કડકમા કડક પગલાં ભરી લોકો અને પશુઓને પાણી અપાવે સાથે સાથે સ્વચ્છતા વિશે ચાલી રહેલા ભ્રષ્ટાચારના આવા બાબુઓને ખુલ્લા પાડે. કાંકરેજ તાલુકાના ગામોમા સ્વચ્છતા અને નરેગા જેવી યોજનામા લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર થયેલા છે પણ તંત્રના અધિકારીઓની મિલીભગત અને ભાગબટાઈ સામે જિલ્લા તંત્રના અધિકારીઓ પણ ચુપ બેસી આવા તમાશા જોઈ રહ્યા છે. ત્યારે ટોટાણા ગામે તત્કાલીન પાણીની વ્યવસ્થા નહીં કરવામા આવે તો પશુ અને માનવીની કેવી પરિસ્થિત સર્જાશે એ આ ફોટાઓ ઉપરથી સાબિત થઈ શકે છે.

# પાલનપુરના ગેહલોત પરિવારે પુત્રના લગ્ન પ્રસંગે આમંત્રણ પત્રિકા થકી સમાજ લોકજાગૃતિનો સંદેશો પાઠવ્યો

### ચકલી માળો કમ આમંત્રણ પત્રિકા છપાવી સમાજને લોકજાગૃતિનો સંદેશો પાઠવ્યો

આજના સમયમાં પોતાના સંતાનોના લગ્ન સમારોહ પ્રસંગે સમાજમાં મોભાનું સ્થાન જાળવવા માટે પૈસાદાર પરિવાર આમંત્રણ પત્રિકા પાછળ નાણાંનો બહુ મોટો ખર્ચ કરતા હોય છે. એવામાં પાલનપુરમાં ખોડિયાર મંદિર, હમીરબાગ રોડ પર રહેતા રાજુભાઈ ગેહલોત પરિવારે પોતાના સંતાનના લગ્ન પ્રસંગે યોજાનાર આમંત્રણ પત્રિકામાં મંગલ અવસરો સાથે સમાજમાં લોકજાગૃતિ માટેનો અનોખો સંદેશો પાઠવ્યો છે. વિશ્વની ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. ત્યાં પક્ષીઓની જાતિ પર પણ માઠી અસર જોવા મળી રહી છે. ત્યારે પક્ષીઓ પ્રત્યે અતૂટ પ્રેમ ધરાવતા કૌશલ ગેહલોતે તેના લગ્ન પ્રસંગે ચકલીના માળામાં કંકોત્રી તૈયાર કરાવી છે.




જેમાં વ્યસન મુક્તિ,વૃક્ષો બચાવો, અન્ન નો બગાડ કરવો નહીં તેવા સમાજને સંદેશો પાઠવતા લોક જાગૃતિના સૂત્રોનું લખાણ કરી સંદેશો પાઠવ્યો છે. કંકોત્રી માત્ર લગ્ન પ્રસંગના અવસર પુરતી જ ન રહે પરંતુ આમંત્રિત મહેમાનો તેના કાયમી ઉપયોગની સાથે લોકજાગૃતિ કેળવવાનો ગેહલોત પરિવારની કંકોત્રી કમ અને ચકલી ઘરના અભિયાનને બિરદાવો તેટલો ઓછો છે. આ બાબતે કૌશલ ગેહલોતના કાકી કૈલાશબેન ગેહલોતને પૂછતાં તેમને જણાવ્યું હતુંકે આજના સમયમાં થતા લગ્ન પ્રસંગમાં મોંઘીદાટ આમંત્રણ પત્રિકા છપાવી ખોટો નાણાનો વ્યય કરતા હોય છે પછી આવી પત્રિકાઓનો કોઈ જ ઉપયોગ થતો નથી અને લોકો ફેંકી દેતા હોય છે જે જોતા અમારા અમારા પરિવારના સભ્યો દ્વારા સમાજમાં એક સારો સંદેશ જાય અને તેનો લોકો અમલ કરે તો અલુપ્ત થતી ચકલીની જાતિને પણ બચાવી શકાય. નાનપણથી જ ચકલીઓ સાથે પ્રેમના સંબંધમાં બંધાયેલો કૌશલ ગેહલોત પ્રભુતામાં પગલાં માંડવાના અવસર ટાણે આમંત્રિત મહેમાનો પત્રિકાના સ્વરૂપમાં ચકલી ઘર આપીને પક્ષીઓ પ્રત્યેનો અનોખો પ્રેમ પ્રગટ કર્યો છે. ત્યારે કૌશલ ગેહલોતે પણ સમાજને સંદેશો આપતા કહ્યું હતુંકે લગ્નના સમયે પત્રિકાઓ પાછળ ખોટા ખર્ચ કરવાના બદલે કંકોત્રીમાં લોકજાગૃતિ લાવાનો પ્રયાસ કરવો જોઈએ.

# પાલનપુરમાં યુવતીઓના ફેસબુક એકાઉન્ટ હેક કરતો શખ્સ ઝડપાયો

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં એક શખ્સ દ્વારા યુવતીઓના ફેસબુક એકાઉન્ટ હેક કરી તે આઈડીનો દુરુપયોગ કરી યુવતીઓના મિત્રો સાથે ચેટિંગ કરી



અશ્લીલ ફોટાઓ બનાવી અપલોડ કરવાનો સાયબર ક્રાઈમનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં યુવતીના પિતાએ શહેર પૂર્વ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તેના આધારે એલસીબી પોલીસે સાતસંચા વિસ્તારમાંથી આ શખ્સને સોમવારે ઝડપી લીધો હતો. જેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજના આધુનિક યુગમાં ઈન્ટરનેટના માધ્યમથી ચાલતા સોશિયલ મિડિયા થકી સારી અને નરસી માહિતીઓ ઘરના એક ખુણામાં બેઠા બેઠા ઉપલબ્ધ થઈ રહી છે. જેના ફાયદા સાથે એટલા જ ગેરફાયદા પણ જોવા મળી રહ્યા છે. કેટલાક વિકૃત માનસિકતા વાળા શખ્સો દ્વારા ફેક આઈડી બનાવી તેનો દુરુપયોગ કરવા સાથે યુવતીઓ સાથે મિત્રતા બનાવી તેમને બ્લેકમેલ કરવી, ગંદી પોસ્ટ અથવા અશ્લિલ ફોટા મોકલવા જેવા ગુનાઓ બની રહ્યા છે. જેમાં આવો જ સાયબર ક્રાઈમનો કિસ્સો બનાસકાંઠાના પાલનપુરમાં જોવા મળ્યો છે. આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર શહેરના સાતસંચા વિસ્તારમાં રહેતા પાર્થિવ બળદેવભાઈ ચૌહાણે શહેરની જ એક યુવતીનું ફેસબુક એકાઉન્ટ હેક કરી તે આઈડી દ્વારા યુવતીઓના મિત્રો સાથે વાતો કરતો અને તેણીના અશ્લીલ ફોટા મુકી યુવતીને બદનામ કરવાની ધમકી આપતો હતો.

૧૦થી વધુ ફરિયાદો જિલ્લા એલસીબીને મળી હતી. બીજી બાજુ યુવતીના પિતાએ પણ પૂર્વ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે એલસીબી દ્વારા આ દિશામાં તપાસ હાથ ધરી હતી.યુવતીનુ ફેસબુક એકાઉન્ટ સાતસંચા વિસ્તારમાં રહેતા પાર્થિવ બળદેવભાઈ ચૌહાણ દ્વારા હેક કરાયુ હોવાનું જણાતા પોલીસે પાર્થિવ ચૌહાણની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# થરાની ભકિતનગર સોસાયટીમાં બંધ મકાનના તાળા તુટયા

### મકાન માલિક બે દિવસથી બહાર ગામ ગયેલ હોવાથી તસ્કરોએ હાથ ફેરો કર્યો : સોનાના દાગીના સહિત રોકડ રકમની ચોરી કરી પલાયન

થરા, તા. ૧૧

પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર કાલે રાત્રીના સુમારે થરામાં આવેલ ભકિતનગર સોસાયટીમાં આવેલ દેસાઇ સુરેશભાઇ વરવાભાઇ રહેવાસી ભલગામ હાલ રહે થરા તેઓ બે દિવસથી બહારગામ પોતાના વતન ભલગામ ગયેલ હોવાથી કાલે રાત્રીના સુમારે પોતાના માલિકીનુ મકાન બે દિવસથી બંધ હોવાથી તસ્કરો ત્રાટકયા હતા અને ઘરમાં રહેલ સોનાની ચેન નંગ-૧-૧૦ ગ્રામ, સોનાની ચુંક નંગ-૧, સોનાની વિટીં નંગ-૧, ટાઇટન ઘડીયાળ નંગ-૧ અને ઘરની તિજોરીમાં રહેલ ૫૨૩૦ રુપિયા રોકડા સહિત અંદાજીત ૪૪૦૦૦ હજારનો મુદામાલ લઇ રફુચકકર થઇ ગયા હતા. તેની જાણ સવારે ૧૧ વાગે ઘરમાલિક સુરેશભાઇ વરવાભાઇ દેસાઇએ ઘર ખોલતાની સાથે મેન દરવાજાનો લોક તુટેલી હાલતમાં જોવા મળતાં ઘરમાં રહેલ તિજોરી, પોલિસને જાણ કરતાં પોલિસ ઘટનાસ્થળે આવીને તપાસ કરી હતી. આમ થરામાં દિન પ્રતિદિન



ઘરના માળીયા તેમજ કબાટમાં રહેલ મુદામાલ વેર વિખેર હાલતમાં જોવા મળતાં સુરેશભાઇ દેસાઇએ આજુબાજુના લોકોને જાણ કરતાં લોકો ટોળે વળ્યા હતા. અને સુરેશભાઇ દેસાઇએ ચોરીના બનાવો વધતાં જાય છે. જો પોલિસ દ્વારા રાત્રે પેટ્રોલિંગ વધારવામાં આવે તો આવા બનાવોને ડામી શકાય તેમ છે. પરંતુ આ લખાણ લખાય ત્યાં સુધી કોઇ પોલિસ ફરીયાદ નોધાવા પામી નથી.

# ઉનાવા નજીકથી વરીયાળીમાંથી નકલી જીરૂ બનાવવાનું કૌભાંડ પકડાયુ

ઊંઝા, તા. ૧૧

તાજેતરમાં ઊંઝા નજીકના મક્તુપુર ગામની સીમમાં આવેલ એક ક્લીનિંગ ફેક્ટરીમાં ભેળસેળ બાબતે ઊંઝા પોલીસે દરોડો પાડી વરિયાળીનો ભેળસેળયુક્ત જથ્થો કબજે કર્યાના ગણતરીના દિવસોમાં ઊંઝા તાલુકાના ઉનાવાથી ઐઠોર જવાના રસ્તા પર આવેલ સિદ્ધિવિનાયક એસ્ટેટના ગોડાઉનમાં હલકી કક્ષાની વરિયાળીમાંથી બનાવટી જીરૂ બનાવવાનું કૌભાંડ બહાર આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના ઉનાવાથી ઐઠોર ગામ જવાના રસ્તા પર સિદ્ધિવિનાયક એસ્ટેટ આવેલ છે. આ એસ્ટેટના ગોડાઉનમાં હલકી વરિયાળીમાંથી બનાવટી જીરૂ બનાવવામાં આવી રહ્યું હોવાની બાતમીના આધારે ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ ઉનાવા પોલીસને સાથે રાખી સાંજના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જ્યાં તપાસ કરતાં પટેલ વિપુલભાઈ પરસોત્તમદાસ પટેલ, રીંકેશભાઈ મહેન્દ્રભાઈ અને પટેલ પ્રમોદભાઈ નારાયણભાઈ ત્રણેય રહે. ઊંઝાવાળા વરિયાળીને મશીન કટ કરી સાઈઝ નાની બનાવી તેના ઉપર ગોળની રસી, બ્રાઉન, સફેદ અને કાળો પાવડરનો પટ ચઢાવી બનાવટી જીરૂ બનાવતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. બાદ ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ સ્થળ પરથી બનાવટી જીરૂ, વરિયાળી, ગોળની રસી અને પાવડરના નમૂના લઈ ૬૬૬૦ કિલો જીરૂ તેમજ ૩૮૦ કિલો પાવડરનો જથ્થો જપ્ત કર્યો હતો. જપ્ત થયેલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૫,૩૪૭૯૦ની થવા જાય છે. લીધેલ નમૂના પૃથ્થકરણ માટે ખોરાક અને ઔષધ નિયમનતંત્રની લેબોરેટરીમાં મોકલી આપેલ છે. જેનો રીપોર્ટ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી થશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણાના ડેઝીગ્નેટેડ ઓફિસરની અખબારી યાદીમાં જણાવેલ છે.

દરમિયાન વરિયાળીમાંથી બનાવટી જીરૂ બનાવવાના કૌભાંડ સંદર્ભે હજી સુધી કોણ જાણે કેમ ઉનાવા પોલીસ મથકે કોઈજ ફરિયાદ નોંધાયેલ નથી. કહે છે કે ભેળસેળને લગતા આ કૌભાંડમાં કેટલાક મોટા માથાઓ સંડોવાયેલ હોઈ આર્થિક યા રાજકીય વગ, દબાણને લઈને ભીનુ સંકેલવાના પ્રયત્નો થઈ રહ્યાનું ચર્ચાય છે.

# કાંકરેજ તાલુકા પ્રાથમિક શાળામાં ધો-૮ના બાળકોનો વિદાય સમારંભ યોજાયો

કાંકરેજ, તા. ૧૧

કાંકરેજ તાલુકાના પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના કાકર પ્રાથમિક શાળાના ધોરણ ૮ના બાળકો વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કાકર શાળાના ધોરણ ૮ના બાળકો દ્વારા સરસ્વતીદેવીના બે ફોટા સ્કૂલમાં ભેટ આપવામાં આવ્યા હતા અને વસમી વિદાય ગીતથી સમગ્ર કાકર પ્રા. શાળાનું પરિશર ગુંજી ઉઠ્યું હતુ અને વિદાય વેળાએ શિક્ષકો અને વિદ્યાર્થી શિષ્ય-ગુરૂ છુટા પડવાની વેદના સાથે આગળ અભ્યાસ કરવા સાથે કાકર પ્રા. શાળાનું નામ રોશન કરવાની નેમ સાથે વિદાયના દશ્યો એક પરિવારના સભ્યો જેવા જોવા મળ્યા હતા. આ પ્રસંગે સ્કૂલની બાળાઓ દ્વારા વિદાય લઈ રહેલા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને કુમકુમ તિલક કરી ચોખા ચોંટાડી શુભ આશિષ પાઠવ્યા હતા. અને સ્કૂલના ઉત્સાહિ શિક્ષક વાઘેલા ભારતસિંહ પ્રધાનસિંહ દ્વારા તમામ બાળકોને નાસ્તો આપી એક ગુરૂની ભૂમિકા અદા કરી હતી. જેમાં કાકર પ્રા. શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો. આમ કાકર પ્રા. શાળાના ધો. ૮ના ૭૫ બાળકો જેમાં ૨૭ કુમારી, ૪૮ કુમારનો વિદાય સમારંભ યોજાયો હતો.



## મોડાસામાં શ્રી પ્રાણનાથજી ચતુર્થ શતાબ્દી મહોત્સવની ભવ્ય શોભયાત્રા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મહામતિ શ્રી પ્રાણનાથજીના પ્રાગટયના ૪૦૦ વર્ષના (સને ૧૬૧૮-૨૦૧૮) અનુસંધાને શ્રીમદ તારતમ સાગર (શ્રીમદ કુલજમ સ્વરૂપ સાહેબ)ના ૪૦૦ પંચ દિવસીય પારાયણ બ્રહ્મવાણી જ્ઞાન મહાયજ્ઞ નીમીત્તે શ્રી પ્રાણનાથજી ચતુર્થ શતાબ્દી મહોત્સવ અંતર્ગત યોજાયેલ ભવ્ય શોભાયાત્રામાં અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા સહીત રાજ્ય અને દેશમાંથી આવેલા પ્રણામી સંપ્રદાયના સંતો-મહંતો અને સુંદરસાથ ઉપસ્થિત રહ્યા હતા અને રાજ શ્યામજી મહારાજની ભક્તિમાં લીન બન્યા હતા.

# અરવલ્લી જીલ્લા એસ.ઓ.જી પોલીસે ટીંટોઈ નજીક જુગારધામ પર દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ

### ૨ શકુનિઓ ઝડપાયા ૬ શકુનિઓ પોલીસને થાપ આપવામાં સફળ

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં અસામાજિક પ્રવૃતિઓ ફૂલીફાલી છે પોલીસતંત્રનો ડર ગાયબ હોય તેમ ઠેર ઠેર જુગારના અડ્ડાઓ અને વરલી મટકાના જુગારની હાટડીઓ ધમધમી રહી છે. જીલ્લા પોલીસતંત્રની કામગીરી સામે પણ જીલ્લામાં અનેક સવાલો પેદા થયા છે. જીલ્લા એસ.ઓ.જી પોલીસ મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે જુગાર રમતા જુગારીઓ પર રેડ કરતા જુગારીઓમાં ભારે નાસભાગ મચી હતી. દરોડામાં ૨ શકુનિઓને દબોચી લીધા હતા અને ૬ શકુનિઓ નાસી છૂટવામાં સફળ રહેતા તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. જીલ્લા એસઓજીની રેડથી જિલ્લાના અન્ય સ્થાનોએ ચાલતા જુગારધામના અડ્ડાઓના શટર પડી રફુચક્કર થઈ ગયા હતા.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે ચાલતા જુગારધામ પર મંગળવારે સાંજના સુમારે જીલ્લા એસ.ઓ.જી પીઆઈ પી.ડી. દરજી અને તેમની ટીમે છાપો મારતા જુગારીઓમાં દોડધામ



મચી હતી જુગાર રમતા સિકંદર સુલેમાન ટીંટોઈયા અને સલીમ મુસા ટીંટોઈયા નામના બે શખ્સોને સ્થળ પરથી ઝડપી પાડી ગંજીપાનો પૈસાના હારજીતનો જુગાર રમતા સ્થળેથી ૭૯૫૦ રૂપિયાની ચલણી નોટો જપ્ત કરી ગંજીપા કુલ નંગ-૫૦ કીં. રૂ. ૦૦ મળી મુદ્દામાલ જપ્ત કરી રેડ દરમિયાન જુગાર રમતા ફરાર જાવેદ ઉર્ફે ટીકો ઈસ્માઈલ બાંડી રફીક ઈકબાલ ખેરડા સાબીર કરીમ ટીંટોઈયા સદીક દાઉદ ફુમતી સત્તાર મોહમ્મદ ટીંટોઈયા ઈરફાન ઉર્ફે લાલા હસન ટીંટોઈયા વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ફરિયાદ નોંધી તપાસ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને આગળની ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## મોડાસા ખાતે અખિલ ભારતીય કિસાન સભાની રેલી યોજાઈ

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજે અખિલ ભારતીય કિસાન સભાના સ્થાપના દિવસે ખેડૂતોના પડતર પ્રશ્નોને લઈ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં મહિલાઓ સહિત ૧૫૦થી વધુ કાર્યકરો અને ખેડૂતો જોડાયા હતા. આ રેલી મોડાસાના માર્કેટ યાર્ડથી નીકળી હીરાલાલ ભુવન ખાતે સભામાં ફેરવાઈ હતી. આ રેલીમાં ખેડૂતોના દેવા માફી, પાકના દોઢા ભાવ, ખેડૂતોને પેંશનના લાભ જેવી પડતર માગણી સાથે બેનરો સાથે કાર્યકરોએ સુત્રોચાર સાથે રેલી નીકળી હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રેલી શાંતિ પૂર્ણ સંપન્ન થઈ હતી. રેલીમાં ગુજરાત કિસાન સભાના પ્રમુખ ડાહ્યાભાઈ ગજેરા જોડાયા હતા.

# અરવલ્લી જિલ્લામાં આજે ભાજપના પદાધિકારીઓ-કાર્યકર્તાઓ દ્વારા ધરણા યોજાશે

મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લામાં આજે ગુરુવારે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ધરણાનો કાર્યક્રમ પૂર્વ સાંસદ અને પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ અને ગોરધનભાઈ ઝડફીયાની ઉપસ્થિતિમાં યોજાશે.

જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ જણાવ્યા મુજબ તા.૧૨મી એપ્રિલે સવારે ૧૧ થી ૧ ભિલોડા વિધાનસભા ક્ષેત્રના ભિલોડા અને મેઘરજ મંડલના કાર્યકર્તાઓ, ૧ થી ૩ બાયડ વિધાનસભાના બાયડ તાલુકો, બાયડ શહેર અને માલપુર મંડલ આ કાર્યકર્તાઓ જ્યારે ૩ થી ૫ મોડાસા વિધાનસભાના મોડાસા તાલુકો મોડાસા શહેર અને ધનસુરા તાલુકાના કાર્યકર્તાઓ ધરણાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# પાલનપુરમાં જુગાર રમતા પાંચ જુગારીયા ઝડપાયા

પાલનપુર કમાલપુરા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે પૂર્વ પોલીસએ ઓચિંતી રેડ કરી હતી. જ્યાં જુગાર રમતાં પાલનપુરના અલ્તાફભાઈ કનુભાઈ સોલંકી, સાજીતખાન અબ્દુલ રહેમાન મિર્ઝા, લાલો ઉર્ફે સદામહુસેન અહેમદભાઈ ચુનારા, જફરહુસેન સાબીરહુસેન શેખ અને ઈસુબભાઈ હનીફભાઈ કુરેશી જુગાર રમતાં રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જેમની પાસેથી પોલીસે રોકડ રૂપિયા ૧૨,૪૧૦ તેમજ રૂપિયા ૭૫૦૦ના ચાર મોબાઈલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુર સિવિલના ખાનગીકરણને પગલે અનેક સુવિધાઓ છીનવાઈ

### ૫૦ વર્ષથી ચાલતું અરબન હેલ્થ સેન્ટર ખસેડતાં લોકોમાં ભારે રોષ : ભાજપને લોકસભાની ચૂંટણીમાં નુકસાનના એધાણ

પાલનપુર સિવિલ ના ખાનગી કરણ ને લઈ અનેક સવાલ ઉઠ્યા છે ત્યારે પાલનપુર શહેર ની સુખાકારી માટે સિવિલ મા ચાલતા અર્બન હેલ્થ સેન્ટર ને ભાડા ના મકાન મા ખસેડવાથી રોષ ની લાગણી ફેલાઈ છે.

પાલનપુર આશરે દોઢ લાખ લોકો ને આરોગ્ય ની સેવા પૂરી પડતા સિવિલ મા વર્ષોથી ચાલતા અર્બન હેલ્થ સેન્ટર ને અચાનક સિવિલ સરજને ભાડા ના મકાન માં ખસેડવા આદેશ કર્યો છે ત્યારે સ્થાનિકો અને સ્ટાફ માં રોષ મી લાગણી જન્મી છે રસીકરણ અને મહિલા ઓ માટે અન્ય આરોગ્ય ની સેવા ઓ માટે ૫૦ લોકો ના સ્ટાફ સાથે સિવિલ મા ચાલતા અર્બન હેલ્થ સેન્ટર ને ભાડા ના મકાન મા ખસેડતા આત્મવિલોપન ની ધમકી આપવાની વાત સ્થાનિકો કરી રહ્યા છે.

સિવિલ મા ચાલતું અર્બન હેલ્થ સેન્ટર એ ગુજરાત સરકાર નો પ્રોજેકટ છે ૫૦ લોકો ના સ્ટાફ સાથે પાલનપુર શહેર મા આરોગ્ય ની સેવાઓ આપતા અર્બન હેલ્થ સેન્ટર ને સરકારે ચલાવવા મંજૂરી આપી હતી પરંતુ અત્યારે કોઈ પણ જાત ના પરિપત્ર વગર ખાલી કરવાના આદેશ કર્યો છે. પાલનપુર શહેર ના હજારો દર્દીઓ સિવિલ ના અર્બન હેલ્થ સેન્ટર મા આરોગ્યલક્ષી સેવાઓ મેળવે છે ત્યારે અર્બન હેલ્થ સેન્ટર ને અન્યત્ર ખસેડતા સિવિલ મા સારવાર અર્થે આવતા દર્દીઓ અટવાશે.